અછત અંગેની મંત્રીમંડળની પેટા સમિતિની તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ બપોરે ૧:૩૦ કલાકે, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય, ગાંધીનગર ખાતે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ:-

માન. મંત્રીશ્રી (મહેસૂલ)ના અધ્યક્ષસ્થાને, મંત્રીમંડળની પેટાસમિતિની બેઠક તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ બપોરે ૧:૩૦ કલાકે મળેલ હતી. જેમાં નીચે મુજબના માન.મંત્રીશ્રીઓ તથા અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા.

| |
|---|
| • માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ |
| • માન. મત્રીશ્રી, શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને યાત્રાધામ વિકાસ |
| • અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ |
| • અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. |
| • અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |
| • અગ્ર સચિવશ્રી (પાણી પુરવઠા) નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ |
| • અગ્ર સચિવશ્રી (ઉર્જા), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના પ્રતિનિધિ |
| • સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ |
| • કમિશનર અને અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસના પ્રતિનિધિ |
| • રાહત નિયામક અને અધિક સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |
| • અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી. |
| • સચિવશ્રી (સિંચાઈ) નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગના પ્રતિનિધિ |
| • સચિવશ્રી(પશુપાલન) કૃષિ અને સહકાર વિભાગ |
| • કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાના પ્રતિનિધિ |
| • સચિવશ્રી, (કાયદો અને વ્યવસ્થા) ગૃહ વિભાગના પ્રતિનિધિ |
| • મેનેજિંગ ડીરેક્ટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમના પ્રતિનિધિ. |
| • રાહત નિયામક અને નાયબ સચિવશ્રી, મહેસૂલ વિભાગ. |

બેઠકમાં હાજર રહેલ સર્વેને આવકારી, માન. અધ્યક્ષશ્રીની અનુમતિથી, રાહત નિયામક અને અધિક સચિવશ્રીએ બેઠકની કાર્યવાહી શરૂ કરી. બેઠકમાં નીચે મૂજબની બાબતો સંબંધે ચર્ચા/નિર્ણયો કરવામાં આવ્યા.

<u>એજન્ડા આઇટમ નં-૧</u>

(૧) ગત બેઠકની કાર્યવાહી નોંધને વંચાણે લઇ બહાલી આપવામાં આવી.

દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખેડુતોને ઘાસ ઉગાડવાના હેતુ માટે તથા પીવાના પાણીના ઉપયોગ માટે અગ્રતાના ધોરણે વીજ કનેકશન આપવા બાબતે સત્વરે કાર્યવાહી થવા તથા આ સંબંધે નીતિ ઘડતર થયેથી તેની લોકોને જાણકારી મળે તે માટે જરૂરી પ્રસિધ્ધિ કરવા માન.મંત્રીશ્રી મહેસુલે જણાવ્યું.

(અમલ : ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)

પીવાના તથા સિચાંઇના પાણીના અયોજન અંગે (૧) માન.મુખ્યમંત્રીશ્રી સમક્ષ, (૨) માન.નાયબ મુખ્યમંત્રીશ્રી સમક્ષ અને (૩) અછત અંગેની સબ કમિટીની બેઠકમાં એમ ત્રણ સ્તરે ચર્ચા થાય છે તેના સ્થાને માત્ર એકજ સ્તરે ચર્ચા થઈ પીવાના પાણી સંબંધી પ્રશ્નોનું નિરાકરણ અને તે સંદર્ભેનું આયોજન ગોઠવાય તેમ કરવા માન.મંત્રીશ્રી મહેસુલે જણાવ્યું.

(અમલ: પાણી પુરવઠા વિભાગ)

આગામી સમયમાં દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં મનરેગા અતર્ગત રોજગારી મેળવવાની માંગણીઓ વધવાની સંભાવના હોઇ, દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલ ૫૧ તાલુકાઓ માટે માસ્ટર પ્લાન તૈયાર કરવા માન.મંત્રીશ્રી મહેસૂલ દ્વારા પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અધિકારીશ્રીને જણાવવામાં આવ્યું.

(અમલ : પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ)

એજન્ડા આઇટમ નં-૨

દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ક્રોપ ઇન્પુટ સબસીડી અંગેના પ્રવર્તમાન નોર્મ્સ અંગે ચર્ચા કરવામાં આવી તથા ક્રોપ ઈનપુટ સબસીડીના ચુકવણા માટે જરૂરી નાણાકીય ઉપલબ્ધતા અને આયોજનની સમીક્ષા કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી

રાજ્યના દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં દુષ્કાળને કારણે ઘાસચારાની ઉપલબ્ધતા પર અસર પડી છે. જે સંદર્ભે આ તાલુકાઓના પશુઓમાં રોગપ્રતિકારક શક્તિ તથા સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે જરૂરી કાળજી તથા પગલાં લેવા.

(અમલ -પશુપાલન વિભાગ)

ઉપરોકત ચર્ચાના અંતે, બેઠકમાં હાજર સૌનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

---

ક્રમાંક: અછત/૧૦૨૦૧૮/૬૩૪/સ.૧

મહેસૂલ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર
તા.૨૧/૧૨/૨૦૧૮

(જી.બી. મુંગલપરા)
નાયબ સચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ

1. માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર